ગુજરાત સ્વતંત્ર પક્ષ - રાજ્ય કાર્યાલય, અમદાવાદ.

તા. ૬-૭-૧૯૬૮.
શનિવાર.

## રાજ્ય કાર્યાલય પરિપત્ર નં. ૯.

શ્રીમાન,

તા. ૧૮-૬-૧૯૬૮ ના રોજ મળેલી ગુજરાત રાજ્ય સ્વતંત્ર પક્ષની રાજ્ય કારોબારીની સભામાં કેટલા સભ્યશ્રીઓ તરફથી વર્તમાનપત્રોમાં થતાં નિવેદનો બાબત ચર્ચા કરવામાં આવી હતી. ઘણી વખત જાણ્યે-અજાણ્યે આવાં નિવેદનો સ્વીકૃત સિધ્ધાંતો અને નીતિથી જુદાં હોય છે અને તેથી ઘણીવાર પ્રજામાં અને સભ્યોમાં પણ એક જાતની મુંઝવણ તથા વિપરિત અસર ઉભી થાય છે. આ ઉપરથી રાજ્ય કારોબારીએ "પક્ષના સભ્યોએ વર્તમાનપત્રોમાં નિવેદનો ન કરવા જોઈએ." પક્ષ તરફથી વર્તમાનપત્રોમાં અધિકૃત નિવેદનો પ્રમુખશ્રીએ જ કરવા " એવો નિર્ણય કરવામાં આવ્યો હતો.

આ ઉપરથી ગુજરાત સ્વતંત્ર પક્ષના તમામ સભ્યશ્રીઓને તથા પક્ષની રાજ્ય કારોબારી અને રાજ્ય કાઉન્સિલના સભ્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે સ્થાનિક પરિસ્થિતિ અને હકીકતો ઉપરના નિવેદનો સિવાય પક્ષના સિધ્ધાંતો તથા નીતિને લગતાં નિવેદનો ન કરવા જોઈએ તેવી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના જુદા જુદા વિભાગોમાંથી એવી અસંખ્ય ફરિયાદો આવે છે કે સત્તાધારી પક્ષ તરફથી પ્રજા-જીવનને અનેક સ્પર્શતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં વિરોધ પક્ષના સભ્યો પ્રત્યે ભેદભાવભરી નીતિ દાખવવામાં આવે છે, એટલું જ નહિ પણ વિરોધપક્ષના સભ્યોને અને જે માણસો વિરોધપક્ષને મદદરૂપ થાય છે તેમની અનેક રીતે ઇરાદાપૂર્વક કનડગત કરવામાં આવે છે. આ ઉપરથી ગુજરાત સ્વતંત્ર પક્ષની રાજ્ય કારોબારીએ આવા તમામ કિસ્સાઓની તપાસ કરી બધી હકીકતો સરકાર સમક્ષ મૂકવામાં આવે તે માટે નીચે મુજબની સમિતિઓ નીમવામાં આવેલ છે:-

### સમિતિ

**સૌરાષ્ટ્ર વિભાગ**

(૧) શ્રી ધર્મેન્દ્રસિંહજી ઓફ ચુડા, કન્વીનર.
(૨) શ્રી ધર્મસિંહ ડી. પટેલ, એમ. એલ. એ., જુનાગઢ.

**ઉત્તર ગુજરાત વિભાગ**

।૧। શ્રી જમુભાઇ પી. ભટ્ટ, કન્વીનર. એમ. એલ. એ. પાલપુર

।૨। શ્રી ચુનીભાઇ ગ. પટેલ, એમ. એલ. એ. માણસા: મહેસાણા.

।૩। શ્રી બાલાશંકર જોશી, એમ. એલ. એ. પાલનપુર: બ. કાં.

**મધ્ય ગુજરાત વિભાગ**

।૧। શ્રી ખોડુભા વાઘેલા, કન્વીનર. એમ. એલ. એ. મીયાગામ કરજણ

।૨। શ્રી કમળાશંકર ભૂ. દવે, એમ. એલ. એ. લુણાવાડા.

।૩। શ્રી મધુભાઇ દા. દેસાઇ, એમ. એલ. એ. ડાકોર.

।૪। શ્રી છોટાલાલ ના. પટેલ, દાણાપીઠ—નવોવાસ, અમદાવાદ.

**દક્ષિણ ગુજરાત વિભાગ**

।૧। ડો. મહેન્દ્રકુમાર શાહ, કન્વીનર, વ્યારા, જી. સુરત.

।૨। શ્રી ભીમસિંહ ફોજસિંગ, એમ. એલ. એ. સોનગઢ.

।૩। શ્રી અમોપસિંગ સોલંકી, વાંસદા, ધરમપુર.

આથી આપશ્રીને વિનંતી કરવામાં આવે છે કે ઉપર જણાવેલ હકીકતો પરત્વે જ્યારે કોઇ બાબત પ્રત્યે સમિતિનું ધ્યાન દોરવા જેવું જણાય ત્યારે જે તે વિભાગની સમિતિના કન્વીનરને પૂરતી હકીકતો પૂરી પાડવા આપશ્રીના વિભાગના તમામ સભ્યોને તથા હોદ્દેદારોને જાણ કરવા વિનંતી છે.

ચીફ એક્ઝીક્યુટીવ,
ગુજરાત સ્વતંત્ર પક્ષ, અમદાવાદ.